# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-01-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, સરકારે વડનગરને ભારત અને વિશ્વના નકશા પર સ્થાન આપ્યું છેઃ
2) કેન્દ્રીય ગૃહમંત્રીએ વડનગરમાં ૪૦૦ કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું
3) કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓ માટે આઠમા પગારપંચની રચનાને મંજૂરી આપી. પગારપંચની ભલામણો 2026થી લાગુ થશે
4) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પ્રાથમિક કસોટીની આન્સર કી જાહેર થયા બાદ રજૂ થતા વાંધાઓ હવે ઓનલાઇન સ્વીકારવામાં આવશે.
5) રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થતાં ઠંડીથી આંશિક રાહત મળશે.

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Amit shah Vadnagar Regional Evening – 1

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, વડનગર હિન્દુ, બૌદ્ધ અને જૈન એમ ત્રણ ધર્મોનું મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું છે. આજે વડનગરમાં ૪૦૦ કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા શ્રી શાહે કહ્યું, "આજે, અમે વડનગરને ભારત અને વિશ્વના નકશા પર સ્થાન આપી રહ્યા છીએ." તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતન શહેરને ઇતિહાસ અને પરંપરાઓની ભૂમિ ગણાવી હતી.

શ્રી શાહે ૨૯૮ કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્મિત પુરાતત્વીય અનુભવાત્મક સંગ્રહાલયનું ઉદઘાટન કર્યું. આ સંગ્રહાલય વડનગરના ૨,૫૦૦ વર્ષથી વધુના સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરે છે.

**(Byte – Amit Shah, Hon'ble Home Minister )**

આ અગાઉ ગૃહમંત્રીએ મ્યુઝિકલ મ્યુઝિયમની પ્રગતિની સમીક્ષા કરી અને પ્રધાનમંત્રી મોદીની જીવનયાત્રાને દર્શાવતી એક ફિલ્મનું અનાવરણ કર્યું. તેમણે 72 કરોડ રૂપિયાનાં ખર્ચે નવીનીકરણ કરાયેલ પ્રોજેક્ટ 'પ્રેરણા સંકુલ'નું પણ ઉદ્ઘાટન કર્યું. આ શાળામાં પ્રધાનમંત્રીએ પોતાનું પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. ૩૩.૫ કરોડ રૂપિયાથી વધુનાં ખર્ચે બનેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનાં ઉદ્ઘાટન દરમિયાન શ્રી શાહે જણાવ્યું, "હવે, વડનગરના રમતવીરો ૨૦૨૬ માં ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે."................1

# Amit shah Vadnagar Regional Evening - 2

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડનગરનાં પ્રાચીન ઈતિહાસને જાળવવા માટે સરકારે કરેલા વિકાસ કાર્યોની માહિતી આપી.

(Byte – Bhupendra Patel, Chief Minister )

આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી  શાહે વડનગરનાં હાટકેશ્વર મંદિરમાં પૂજા અર્ચના કરી હતી.

શ્રી શાહે મહેસાણા-ગાંધીનગર હાઇવે પર ગણપત યુનિવર્સિટીના 18મા દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી. તેઓ અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ફાસ્ટ ટ્રેક ઇમિગ્રેશન ટ્રસ્ટેડ ટ્રાવેલર પ્રોગ્રામ (FTI-TTP)નું ઉદ્ઘાટન કરશે.

. . . . . . . . . . . . .

# Road Safety Camp --Parvaaah

રાજ્યવ્યાપી માર્ગ સલામતી અભિયાન આજથી શરૂ કરાયું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વડનગર ખાતેથી પરવાહ-CAREની થીમ સાથે, રાજ્યવ્યાપી માર્ગ સલામતી કેમ્પેન-૨૦૨૫ રજૂ કરાયું હતું.

આજથી શરૂ થઈ રહેલું આ અભિયાન સતત ૪૫ દિવસ એટલે કે એક માર્ચ-૨૦૨૫ સુધી યોજાશે. જે અંતર્ગત રાજ્યમાં જિલ્લા તેમજ  શહેર, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ વિવિધ માર્ગ સલામતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

. . . . . . . . . . . . . .

# GSRTC Live Tracking Mobile App

રાજ્યમાં ૭ લાખથી વધુ મુસાફરો GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરી રહ્યા છે

રાજ્યની ૪ હજારથી વધુ એસ ટી બસોમાં GSRTC લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશન મારફતે મુસાફરોને બસનું લાઈવ ટ્રેકિંગ કરવું વધુ સરળ બન્યું છે.

આ એપ્લિકેશનમાં મુસાફરો બસ નંબર અથવા પીએનઆર નંબરની મદદથી બસનું લાઈવ લોકેશન જોઈ શકે છે. ઉપરાંત, બેસવા અને ઉતારવાની વિગતો ભરી તે રૂટ પર સંચાલિત તમામ બસોનું લાઈવ લોકેશન મેળવી શકે છે. મહિલા અને વયોવૃદ્ધ મુસાફર એકલા મુસાફરી કરતા હોય તેવા સમયે ઘરના સભ્યો દ્વારા બસનું લાઈવ લોકેશન ટ્રેક કરી બસનો પહોંચવાનો સમય જાણી શકાય છે.

બસોમાં મુસાફરી કરતા મુસાફરોને બસનું લાઈવ લોકેશન મળી રહે તેમાટે, ૭ લાખ ૧૯ હજાર મુસાફરો GSRTC Live Android Application તેમજ ૪૧ હજારથી વધુ મુસાફરો GSRTC Live iOS Applicationનો ઉપયોગ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# 8TH PAGAR PANCH

કેન્દ્રીય મંત્રીમંડળે આજે આઠમા પગાર પંચની રચનાને મંજૂરી આપી દીધી છે, જે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગારમાં અને નિવૃત્ત કર્મચારીઓનાં પેન્શનમાં વધારાનાં મુદ્દે નિર્ણય લેશે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, 1947થી સાત પગાર પંચની રચના થઈ છે. 2016માં સાતમા પગાર પંચની રચના થઈ હતી, જેની મુદત 2026માં પૂર્ણ થઈ હતી.

અધિકારીઓનાં જણાવ્યા પ્રમાણે આ નિર્ણયથી કેન્દ્ર સરકારનાં 50 લાખ કર્મચારીઓને લાભ થશે, જેમાં સંરક્ષણ કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 65 લાખથી વધુ પેન્શનધારકોને પણ તેનો લાભ થશે.

કર્મચારી સંઘો અને સંગઠનો દ્વારા 8મા પગાર પંચની રચનાની સતત માગણી થઈ રહી હતી. છેલ્લે 1 જાન્યુઆરી, 2016નાં રોજ પગાર વધારો થયો હોવાથી આગામી પગાર વધારો 1 જાન્યુઆરી, 2026થી થવાની સંભાવના છે."

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

**……………………………….**

# GPSC DECISION

GPSC એટલે કે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પ્રાથમિક કસોટી બાદ રજૂ થતા વાંધાઓને લઈ મહત્વનો નિર્ણય લેવાયો છે. જે અંતર્ગત પ્રાથમિક કસોટીની આન્સર કી જાહેર થયા બાદ ઉમેદવારો દ્વારા રજૂ કરાતા વાંધાઓ હવે ઓનલાઇન સ્વીકારવામાં આવશે.

આ અંગે ગુજરાત જાહેર સેવા આયોગનાં અધ્યક્ષ હસમુખ પટેલે વધુ માહિતી આપી.......

(બાઈટ - હસમુખ પટેલ, અધ્યક્ષ, GPSC)

. . . . . . . . . . . . .

# MAHISAGAR-VALSAD DABAAN

મહીસાગર જિલ્લાના લુણાવાડામાં સરકારી જમીનમાં થયેલા ગેરકાયદેસર દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અંગે લુણાવાડાના પ્રાંત અધિકારી આનંદ પાટીલે વધુમાં આ મુજબ જણાવ્યું.

(બાઈટ : આનંદ પાટીલ, પ્રાંત અધિકારી લુણાવાડા)

દરમિયાન વલસાડ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં જિલ્લા પંચાયતની હસ્તકની જમીનમાં થયેલા ગેરકાયદે દબાણનો મુદ્દો ઉઠ્યો હતો. જે અંગે જિલ્લા વિકાસ અધિકારી ટૂંક સમયમાં દબાણ દૂર કરાવવાની ખાતરી આપી હતી.

. . . . . . . . . . . . .

# Weather

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં વધુ એક વેસ્ટન ડીસ્ટબન્સ અસરને કારણે ફરી એક વખત લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની અને ઠંડીથી આંશિક રાહત મળવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એકે દાસના જણાવ્યા મુજબ, આગામી ત્રણ દિવસ ઠંડીથી આંશિક રાહત મળશે આગામી સાત દિવસ રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના છે. લઘુત્તમ તાપમાનમાં વધારો થતા ઠંડીમાં ઘટાડો અનુભવાશે.

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન અમરેલીમાં નોંધાયું હતું અમરેલીમાં રાજ્યનું સૌથી ઓછું 8.2 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. રાજકોટમાં 9.4 ડિગ્રી સેલ્સિયસ અને નલિયામાં 9.6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

આ ઉપરાંત અમદાવાદમાં ચાર ડિગ્રી સેલ્સિયસના ઘટાડા સાથે 12.2 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

# DAMAN PLASTIC EXPO

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ઔધોગિક મંડળના સહકારથી ચોથા પ્લાસ્ટિક એક્સ્પોનો આજથી પ્રારંભ થયો છે. દિલીપ નગર ગ્રાઉન્ડમાં યોજાયેલા એક્સ્પોનું જિલ્લા કલેકટર સૌરભ મિશ્રાએ ઉદ્ઘાટન કર્યું હતું. આ એકસ્પો 18 જાન્યુઆરી સુધી ચાલશે. જેમાં 100 થી વધુ સ્ટોલ ઊભા કરાયા છે.

. . . . . . . . . . . . .

# Parvatarohan Talimshibir

છોટાઉદેપુર જિલ્લાના પાવી જેતપુર તાલુકાના માખણિયા પર્વત ખાતે ૧૦ દિવસીય એડવેન્ચર તથા બેઝિક કોર્સની સાહસ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને બાળકોમાં સાહસિક પ્રવૃતિઓ કેળવાય તે માટે રાયપુર, રોઝકુવા, અને અછાલાના ૩૬ બાળકો અને ૫૦ જેટલાં યુવક-યુવતીઓ માટે એડવેન્ચર તથા બેઝિક કોર્સની શરૂઆત શરૂઆત કરાઇ હતી

. . . . . . . . . . . . .

# Banaskantha –Karuna Abhiyaan

બનાસકાંઠા જિલ્લામાં કરુણા અભિયાન હેઠળ ૬૬ પશુ પક્ષીઓને સારવાર અપાઇ છે.બનાસકાંઠા જિલ્લામાં 3 એનિમલ એમ્બ્યુલન્સની મદદથી આ કામગીરી હાથ ધરાઈ હતી.આ અભિયાન આગામી ૨૦ જાન્યુઆરી સુધી ચાલુ રહેશે. જો કોઈને ઘાયલ પશુ કે પક્ષી જોવા મળે તો તરત જ ૧૯૬૨ હેલ્પલાઇન નંબર પર સંપર્ક કરીને સેવા લઈ શકે છે.

. . . . . . . . . . . . .

# Jamnagar Accident

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામ પાસે ગઈકાલે રાત્રે થયેલ અકસ્માતમાં ત્રણ યુવાનના મૃત્યુ નીપજ્યા છે, અને બે વ્યક્તિને ઈજા થઈ છે.

જામનગરથી અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે, ગઈકાલે રાત્રે લતિપર ગામના પાટીયા પાસે કારચાલકની બેદરકારીના કારણે કાર પલટી ગઈ હતી, જેથી પાછળ બેઠેલ ત્રણ યુવાનોના ગંભીર ઈજા થવાથી ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજયા હતા. જયારે અન્ય બે ને ઈજા થતાં સારવાર માટે જામનગર હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

. . . . . . . . . . . . .